પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૩૨ | ૪ નવેમ્બર, ૨૦૧૯, સોમવાર; કારતક સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્ય પર તોળાતું 'મહા'નું સંકટ

**૬ નવે. રાત્રે દિવ-દ્વારકામાં ટકરાવાની શક્યતા : સૌરાષ્ટ્રના ૬ જિલ્લામાં ભારે વરસાદની સંભાવના, તંત્ર સજ્જ, માછીમારોને દરિયો ન ખેડવા સુચના : સુરત, વડોદરા, નવસારી, અમદાવાદ, રાજકોટ, જામનગર અને વેરાવળ ખાતે એનડીઆરએફની ટીમોને એલર્ટ : વાવાઝોડાને કારણે ૧૬ રાજ્યોમાં વરસાદ, મહારાષ્ટ્રમાં સૌથી વધુ, દીવ અને પોરબંદરને અસર કરશે, ૧૦૦થી ૧૨૦ની ગતિએ પવન ફૂંકાશે**

દીવ,તા.૩

'મહા' વાવાઝોડાનું સંકટ ફરી ગુજરાત વધશે તેવા માઠા સમાચાર હવામાન ખાતાએ આપ્યા છે. 'મહા' વાવાઝોડા આગળ વધી રહ્યું છે અને વેરાવળથી ૫૫૦ કિમી દૂર છે. 'મહા' વાવાઝોડું આગળ વધીને દીવ અને દ્વારકાના દરિયાને ક્રોસ કરશે અને વાવાઝોડું ૬ નવેમ્બરના ગુજરાતના દરિયા કિનારે ટકરાઈ શકે છે. જેના પવનની ગતિ ૧૦૦થી ૧૨૦ની સ્પીડે હશે, જે ગુજરાતમાં વરસાદનું સંકટ કહી શકાય. રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદની આગાહી હવામાન વિભાગે આપી છે.



'મહા' વાવાઝોડાની સૌથી વધુ અસર ૬ તારીખે સૌરાષ્ટ્રના બોટાદ, ભાવનગર, અમરેલી, દ્વારકા, ગીર સોમનાથ અને જૂનાગઢમાં થશે અને ભારે વરસાદ પડશે. જ્યારે ૭ તારીખે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ રહે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. જો કે અગાહી વચ્ચે કેટલાક વિસ્તારમાં વરસાદ સતત ધીમીધારે વરસી રહ્યો છે.

ગુજરાતના દરિયા કિનારે 'મહા' વાવાઝોડાની આગાહીના પગલે તંત્ર સજ્જ બની થયું છે. ૬ અને ૭ નવેમ્બરના રોજ વાવાઝોડા અને ભારે વરસાદની આગાહીના પગલે એનડીઆરએફની તમામ ટીમોને એલર્ટ પર રાખવામાં આવી છે.

સુરત, વડોદરા, નવસારી, અમદાવાદ, રાજકોટ, જામનગર અને વેરાવળ ખાતે એનડીઆરએફની ટીમોને એલર્ટ રહેવા માટે જણાવવામાં આવ્યું છે. ઉપરાંત કોસ્ટ ગાર્ડ, નેવીને પણ આ બાબતે જાણ કરવામાં આવી છે. ક્રાઈસીસ મેનેજમેન્ટનું બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રમાં દરિયાકાંઠાના વિસ્તારોમા ટીમોને એલર્ટ કરી દેવામાં આવી છે.

## દિલ્હી-એનસીઆરમાં હવા પ્રદૂષણથી ભારે ચિંતા

**૩૨થી વધુ ફ્લાઇટો ડાયવર્ટ કરવાની ફરજ પડી : પ્રદૂષણના કારણે વિજિબિલીટી પણ ઘટી : એર ક્વોલિટી ૬૨૫ : પાંચમી નવેમ્બર સુધીમાં મોટાભાગની સ્કુલ બંધ**



નવીદિલ્હી, તા. ૩

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં હવા પ્રદૂષણને લઈને હાલત કફોડી બની ગઈ છે. વાયુ પ્રદૂષણની સ્થિતિ ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે. હવામાં પ્રદૂષણ બાદ વધતા જતાં ધુમ્મસ દ્વારા હવે એર ટ્રાફિકને પણ પોતાના સકંજામાં લઈ લેવામાં આવતા હાલત કફોડી બની ગઈ છે. વિજિબિલીટી ઘટી જવાના પરિણામ સ્વરુપે હવે દિલ્હીમાં આવતી આશરે ૩૨ ફ્લાઈટોને ડાયવર્ટ કરી દેવામાં આવી છે. દિલ્હીમાં હળવા વરસાદના પરિણામ સ્વરુપે ચારેબાજુ ધુમ્મસની ચાદર છવાઈ ગઈ છે. આની સાથે જ હવામાં પીએમ ૨.૫ અને પીએમ ૧૦ની સપાટી સતત વધી રહી છે. રવિવારના દિવસે એર ક્વોલિટી ઈન્ડેક્સમાં પીએમ ૨.૫નું સ્તર ૬૦૦ના આંકડાને પાર કરી ગયો હતો. ઈન્દિરા ગાંધી ઈન્ટનેશનલ એરપોર્ટ ઓથોરિટીના કહેવા મુજબ ઓછી વિજિબિલીટીના પરિણામ સ્વરુપે ફ્લાઈટ ઓપરેશનમાં પરેશાની આવી રહી છે. હળવા વરસાદ બાદ પ્રદૂષણમાં કોઈ ઘટાડો થયો નથી પરંતુ આનાથી ધુમ્મસની સ્થિતિ વધારે ખરાબ થઈ ગઈ છે.

# મુખ્યમંત્રી પદ માટે ભાજપ સાથે વાતચીત કરાશે : શિવસેના

**મહારાષ્ટ્રમાં મડાગાંઠ વચ્ચે ૧૭૫ સભ્યોના સમર્થનનો દાવો કરાયો : શિવસેનાના જિદ્દી વલણના લીધે સરકાર રચવાને લઇને મહારાષ્ટ્રમાં અડચણ : તમામ પાસાઓ ઉપર રાજકીય પક્ષોની ગણતરી**

મુંબઈ, તા. ૩

મહારાષ્ટ્રમાં નવી સરકારની રચનાને લઈને જોરદાર મડાગાંઠની સ્થિતિ વચ્ચે આજે શિવસેનાના નેતા સંજય રાવતે કહ્યું હતું કે, તેમની પાર્ટી મુખ્યમંત્રીના હોદ્દાના મુદ્દા ઉપર જ ભારતીય જનતા પાર્ટી સાથે વાતચીત કરશે. સંજય રાવત વારંવાર કઠોર અને નબળા નિવેદન કરી રહ્યા છે. બીજી બાજુ મુખ્યમંત્રી પદને લઈને શિવસેના અને ભાજપ વચ્ચે ખેંચતાણ યથાવતરીતે જારી રહી છે. સરકાર રચવાને લઈને વાતચીતનો સિલસિલો તમામ રાજકીય પક્ષોમાં ચાલી રહ્યો છે. જો કે, સરકારની રચના આડે મુખ્યમંત્રીના હોદ્દાનો લઈનો અડચણો આવી રહી છે. ૨૧મી ઓક્ટોબરના દિવસે રાજ્ય વિધાનસભાની ચૂંટણી એક સાથે લડનાર ભાજપ અને શિવસેના વચ્ચે હવે ચીફ મિનિસ્ટરના પોસ્ટની વહેંચણીને લઈને જોરદાર ખેંચતાણ ચાલી રહી છે.

રાવતે આજે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, મડાગાંઠ અકબંધ રહી છે. સરકારની રચના અંગે વાતચીત હજુ શરૂ થઈ નથી. રાજ્ય સભાના સભ્યએ વધુમાં કહ્યું હતું કે, શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે રવિવારના દિવસે ઔરંગાબાદ પહોંચ્યા છે અને ગયા મહિનામાં પડેલા કમોસમી વરસાદના કારણે જિલ્લામાં પાકને થયેલા નુકસાનની સમીક્ષા કરી ચુક્યા છે.



# વીઆરએસ માર્ગદર્શિકાને અમલી કરવા બીએસએનએલ-એમટીએનએલને સ્પષ્ટ હુકમ

નવીદિલ્હી, તા. ૩

ટેલિકોમ મંત્રી રવિશંકર પ્રસાદે આજે બીએસએનએલ અને એમટીએનએલને વહેલીતકે વીઆરએસ માર્ગદર્શિકાને અમલી કરવા માટે આદેશ કર્યો હતો. સાથે સાથે સમય મુજબ જ સંપત્તિના મામલામાં ખાતરી કરવા પગલા લેવાની પણ સૂચના આપી છે. રવિશંકર પ્રસાદે સ્પષ્ટતા કરી છે કે, ટેલિકોમ માર્કેટમાં વધુ આક્રમક બનવાની જરૂર દેખાઈ રહી છે. બીએસએનએલ અને એમટીએનએલના બોર્ડના સભ્યો સાથે વાતચીત કર્યા બાદ રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, કંપનીઓને મજબૂતરીતે આગળ વધવા કહેવામાં આવ્યું છે. સરકાર દ્વારા ખુબ જ મજબૂત ઈન્સેન્ટીવ પેકેજ આપવામાં આવી ચુક્યું છે. હવે તેમની તકલીફો દૂર કરવા માટે પગલા લેવા જોઈએ.

અત્રે નોંધનીય છે કે, સરકારે ગયા મહિનામાં જ બીએસએનએલ અને એમટીએનએલ માટે પુનઃસજીવન પેકેજની જાહેરાત કરી હતી. ૬૯૦૦૦ કરોડ રૂપિયાના મહાકાય પેકેજની જાહેરાત કરવામાં આવી હતી. બીએસએનએલ અને એમટીએનએલને મર્જ કરવાની પણ વાત કરવામાં આવી છે. નુકસાન કરતી આ બે મહાકાય કંપનીઓને મર્જ કરવામાં આવી રહી છે. સાથે સાથે બંને કંપનીઓમાં નિવૃત્ત થવા ઈચ્છુક કર્મચારીઓને આકર્ષક વીઆરએસ આપવા માટે પણ કહેવામાં આવ્યું છે.

પહેલી નવેમ્બરના દિવસે બેઠક યોજાઈ હતી જેમાં પ્રધાને ખુબ ઝડપથી સ્વૈચ્છિક નિવૃત્તિ સ્કીમને આખરીઓપ આપી દેવા બંને કંપનીઓને સૂચના આપી હતી. પ્રો એક્ટીવરીતે માર્ગદર્શિકા તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું છે. આ પ્રક્રિયા ઉપર તેમની સીધીરીતે નજર રહેશે. સુત્રોએ કહ્યું છે કે, પ્રધાને બંને કંપનીઓને ખાતરી આપી છે કે, તેમના ઓફિસરો અને કર્મચારીઓ સાથે વાતચીત કરવા ફિલ્ડની મુલાકાત લેવી જોઈએ.


**ડ્રાઈવર જોઈએ છે**

રીટાયર્ડ ઉંમર લાયક / અનુભવી / અમદાવાદ - ગાંધીનગરના જાણકાર. સાતેય દિવસ કામ કરી શકે તેવા વ્યક્તિ ફોન કરી રૂબરૂ મળો.

આકર્ષક પગાર

ફોન : ૦૭૯-૨૩૨૧૩૨૦૯

મોબાઈલ : ૯૯૭૮૯ ૫૯૦૯૯ ૮૪૦૧૫ ૨૫૨૫૬



**સર્જન એજ્યુકેશન વેલ્ફેર ટ્રસ્ટ,**

પ્લોટ નં. ૧૨૪/૧, સેક્ટર-૧/બી, ગાંધીનગર.

ફોન : ૦૭૯-૨૩૨૪૪૯૯૮ ● મો. ૯૪૨૭૭ ૦૩૯૦૦

ગાંધીનગરના સૌ નગરજનોને

**નૂતન વર્ષાભિનંદન**

પુરુષોત્તમ સુશીલ – પ્રમુખ
સમીર સુશીલ – ઉપપ્રમુખ
સવિતાબેન સુશીલ – મહામંત્રી
ઉત્પલ સુશીલ – સહમંત્રી
કુન્તલ સુશીલ – આંતરિક ઓડીટર
સંગીતા સુશીલ – કોષાધ્યક્ષ
કુશ સમીર સુશીલ – કારોબારી સભ્ય



**હાર્દિક અભિનંદન**



**શ્રી નરેશભાઈ દવે**

પ્રમુખ, ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશન

આપની ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશનના પ્રમુખપદે થયેલ વરણીને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ. ઉત્તરોત્તર આપની ગતિ-પ્રગતિ માટે અમારી હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ..

શુભેચ્છક

મિતુલ જોષી
ઉર્પલ જોષી
વૈભવ જાની
રાકેશ જાની



સર્વે નગરજનોને

**નૂતન વર્ષાભિનંદન**

પરેશભાઈ ઠક્કર
મો. ૮૪૬૦૪ ૧૫૨૬૫

સોનામાં 916 હોલમાર્ક 22.CUI
આપની પસંદના કલાત્મક
ગવર્નમેન્ટ સર્ટીફાઈડ
ગેરંટેડ દાગીના બનાવનાર તથા
ચાંદીના તૈયાર દાગીના વેચનાર

**હરિઓમ જ્વેલર્સ**

દુકાન નં. ૫૨૭, ચીપ ટાઈપ શોપીંગ સેન્ટર, સેક્ટર-૩એ-ન્યુ ગાંધીનગર.



નૂતન વર્ષનો સ્વર્ણિમ ઉજાસ આપના સૌના જીવનને સતત અજવાળતો રહે તેવી મનોકામના સહ

**નૂતન વર્ષાભિનંદન...**

Harendrasinh Jadav
Chairman & M. D.
9898704537

HOTEL President
Where Hospitality Speaks...

**Raj Shakti Hotels Pvt. Ltd.**

Plot No-1, Sector-11, B/h. Petrol Pump, Gandhinagar-382010
Telefax. 079-23233444. 079-65723444
Email : Presidenthti@yahoo.com



**ધી મહેસાણા અર્બન કો-ઓપ. બેન્ક લિ.** (મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)

અર્બન બેન્ક ... ટેકનોલોજી સપોર્ટેડ બેન્ક ... આપણી બેન્ક ...

ટેકનોલોજી સપોર્ટેડ બેન્કિંગ અપનાવો, રાષ્ટ્રની ઉન્નતિમાં કદમથી કદમ મિલાવો.

બેન્કની અદ્યતન ટેકનોલોજી બેન્કિંગ સેવાઓ

E-Tax Payment & Bill Payment
UPI – 24x7 Aadhaar & A/C Based Fund Transfer
BHIM – Govt. Promoted UPI Application
RTGS & NEFT
ASBA
IMPS – 24x7 Quick Fund Transfer
Demat
CTS – Fast Clearing
Missed Call for Balance Inquiry No. +91 92666 92668
NACH – Electronic Clearing
Mobile Banking
NFS – Inter Bank ATM Cash Withdrawal Facility
RuPay – ATM / Debit Card
Online Banking – Internet Banking
POS – Purchase of Goods at Merchant Establishment
*99# – Fund Transfer for Non Internet Based Phone

THE MEHSANA URBAN CO-OP. BANK LTD. (Multi state Scheduled Bank)

ધી મહેસાણા અર્બન કો-ઓપ. બેન્ક લિ. (મલ્ટીસ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)
હેડ ઓફિસ : અર્બન કોર્પોરેટ બિલ્ડીંગ, હાઈવે, મહેસાણા-384002. ફોન : 02762 - 257233, 257234
E-Mail : info@mucbank.com, Web Site : www.mucbank.com

ચંદુભાઈ આઈ. પટેલ – એમીરેટસ ચેરમેન | જી. કે. પટેલ – ચેરમેન | કે. કે. પટેલ – વાઈસ ચેરમેન | ખોડાભાઈ એન. પટેલ – મેનેજીંગ ડીરેક્ટર | વિનોદકુમાર એમ. પટેલ – ચીફ એક્ઝીક્યુટીવ

બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ

ડૉ. અનિલભાઈ ડી. પટેલ | ઘનશ્યામભાઈ કે. પટેલ | ભાઈલાલભાઈ એમ. પટેલ | કાનજીભાઈ એસ. પટેલ | દીપીકાબેન આર. પટેલ | અમૃતલાલ જી. પટેલ
જીતેન્દ્રભાઈ પી. પટેલ | બાબુભાઈ એ. પટેલ | કોકીલાબેન એન. પટેલ | કીરીટકુમાર બી. પટેલ | નરોત્તમભાઈ એસ. પટેલ | લક્ષ્મણભાઈ એસ. વણકર

તથા સમગ્ર અર્બન બેન્ક પરિવાર...



**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225